
DIGITAL EDITION
MARCH 2026

અંક : ૪૪ માર્ચ ૨૦૨૬

દશનામ
સરક્યુલર



વિપત્તિમાં આશ્વાસન માનવતાનું અમૃત...

વર્ષ : ૦૪

અંક : ૪૪
વિશેષાંક : ૦૯

માર્ચ ૨૦૨૬

તંત્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી
M.: +91 9898 55 0833

E-mail
dashnamcircular@gmail.com

Website
www.dashnamcircular.me

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
જામજોધપુર / સુરત.

ડિઝાઈન
જી.પબ્લીકેશન
સુરત.

પ્રાપ્તિ સ્થાન

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

તંત્રીલેખ...

વિપત્તિમાં આશ્વાસન-માનવતાનું અમૃત...

જીવન એ સમુદ્રની ભરતી અને ઓટ જેવું છે. ક્યારેક સુખના મોજાં ઉછળે છે, તો ક્યારેક વિપત્તિના વંટોળ ઊભા થાય છે. કુદરતનો નિયમ છે કે અંધારી રાત પછી જ સવાર પડે છે, પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ મુસીબતના પહાડ નીચે દબાયેલી હોય, ત્યારે તેને ભૌતિક સાધનો કરતાં 'હૂંફ' અને 'આશ્વાસન'ની વધુ જરૂર હોય છે.

આજની દોડધામભરી દુનિયામાં માણસ ભીડમાં પણ એકલો પડતો જાય છે. વિપત્તિના સમયે આર્થિક સહાય કદાચ ગમે ત્યાંથી મળી રહે, પણ સાચો માનસિક ટેકો મળવો મુશ્કેલ બને છે. કોઈના ખભા પર હાથ મૂકીને માત્ર એટલું કહેવું કે, "ચિંતા ન કર, હું તારી સાથે છું," એ શબ્દોમાં હારેલી વ્યક્તિને પણ ફરી બેઠી કરવાની જાદુઈ શક્તિ હોય છે. આશ્વાસન એ માત્ર શબ્દો નથી, પણ સામેની વ્યક્તિના ડૂબતા હૃદય માટે એક મજબૂત તણખલું છે.

આપણો 'દશનામ પરિવાર' હંમેશા એકતા અને પરોપકારના મૂલ્યો પર ટકેલો રહ્યો છે. જ્ઞાતિના કોઈપણ સભ્ય પર જ્યારે સામાજિક કે અંગત આફત આવે, ત્યારે તેને એકલતાનો અનુભવ ન થવા દેવો એ આપણી સંયુક્ત નૈતિક ફરજ છે. ધૈર્ય અને સાથ એ વિપત્તિ સામે લડવા માટેના સૌથી મોટા શસ્ત્રો છે.

ચાલો, આપણે માત્ર સુખના જ સાથી ન બનતા, કોઈના દુ:ખમાં આશ્વાસનનો દીવો બનીને ઉજાસ પાથરીએ.

- લલિતપુરી આર. ગોસ્વામી

... અનુક્રમણિકા ...

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

About Us

"દશનામ સરક્યુલર" ઈ-મેગેઝિન

દશનામ ગોસ્વામી સમાજને એકસાથે જોડતું, માહિતીસભર અને પ્રેરણાદાયી એક અનોખું ડિજિટલ પ્લેટફોર્મ છે.

અમારો મુખ્ય ઉદ્દેશ્ય સમાચારો, લેખો, વ્યક્તિવિશેષ ઇન્ટરવ્યુ અને પ્રેરણાદાયી વાર્તાઓ દ્વારા સમાજને માહિતગાર કરવાનો છે. અમે આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા, પરંપરાઓનું જ્ઞાન આપવા અને યુવાનોને તેમના ભવિષ્ય માટે પ્રેરણા પૂરી પાડવા કટિબદ્ધ છીએ.

આ ઈ- મેગેઝિન સમાજના સભ્યોને એકબીજા સાથે જોડી રાખવા, તેમના વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કરવા, અને સમાજની પ્રગતિ તથા ઉત્કર્ષ માટેનું એક સક્રિય અને અસરકારક માધ્યમ છે.

VISIT US :

www.dashnamcircular.me

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

લક્ષ્ય

અમારું લક્ષ્ય **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝિન દ્વારા દશનામ ગોસ્વામી સમાજને એક મંચ પર લાવવાનું છે.

અમે સમાજના સભ્યોને માહિતી, જ્ઞાન અને પ્રેરણા પૂરી પાડવા કટિબદ્ધ છીએ. આ મેગેઝિન દ્વારા, અમે સમાચારો, લેખો, વ્યક્તિવિશેષ ઇન્ટરવ્યુ અને પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ કરીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા અને નવી પેઢીને આપણા મૂલ્યો અને પરંપરાઓથી વાકેફ કરવા માંગીએ છીએ.

યુવાનોને તેમના ભવિષ્ય માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવું, સામાજિક એકતાને મજબૂત કરવી અને સામૂહિક પ્રગતિને વેગ આપવો એ જ અમારું મુખ્ય ધ્યેય છે.

અમે સમાજને વધુ સશક્ત અને સુસંગઠિત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છીએ.

તંત્રીશ્રી

હિંમતની ઓળખ...



જે માણસની **ચારે બાજુ** દીવાલો **દુઃખથી** ઘેરાયેલી હોય, ત્યાં **આશ્વાસનના** શબ્દો સસ્તા લાગે છે અને **ઉપદેશો** બેકાર સાબિત થાય છે.

ચેતના ગોસ્વામી ઉર્ફે ઊર્જા
સુરત



ચારેય દિશામાં અંધકાર જ દેખાય, રસ્તા નહીં, ત્યારે માણસને પહેલા પોતાને જ પૂછવું પડે-મારામાં શું ખોટ છે? પણ આ પ્રશ્ન પૂછવો જેટલો સહેલો છે, તેનો જવાબ શોધવો એટલો જ ભયાનક અને કઠિન છે. કારણ કે જવાબ બહાર નથી, સમાજમાં નથી, સંબંધોમાં નથી-જવાબ અંદર છે, જ્યાં માણસ જવાનું ડરે છે.

આગળ વધવા માટે માત્ર સપના પૂરતા નથી, ત્યાં સંઘર્ષની ખાણ ખોદવી પડે છે, અને એ ખાણમાં હાથ નહીં, આખું અસ્તિત્વ ઉતારવું પડે છે. જેમ મજૂર પાયો નાખતા પહેલાં માટી ખોદે છે, હાથમાં છાલા પડે છે, લોહી વહી જાય છે, છતાં પાયો મજબૂત બને છે; એ જ રીતે જીવનનો પાયો પણ પીડા, અપમાન અને અવગણનાની માટી ખોદ્યા વગર મજબૂત બનતો નથી.

આ દુનિયામાં સૌથી સસ્તી વસ્તુ લોકોની સલાહ છે અને સૌથી મોંઘી વસ્તુ તમારી જાતની સમજ. લોકો બોલશે, કારણ કે બોલવું એમનું કામ છે. કોઈ તમારું દુઃખ જોશે નહીં, પણ તમારી હિંમત પર ટીકા જરૂર કરશે. એટલે જીવનમાં સૌથી પહેલા શીખવાનું હોય તો એ છે - લોકોની વાતોથી દીવાલ બનાવવી. એવી દીવાલ કે જેમાં લોકોના શબ્દો અથડાઈને પાછા વળી જાય, તમારા કાન સુધી પહોંચે પણ આત્મા સુધી ન પહોંચે. કારણ કે જે શબ્દ આત્મા સુધી પહોંચે છે, એ શબ્દ ઝેર બની જાય છે. અને આ ઝેર ધીમે ધીમે માણસની અંદરની શક્તિ ખાઈ જાય છે.

દુઃખથી ઘેરાયેલો માણસ સતત મુસાફર હોય છે. તેને આરામ મળતો નથી. એને રોકાવાની પરવાનગી કોઈ આપતું નથી. સમાજ કહે છે - ચાલ, આગળ વધ. પણ રસ્તો બતાવતું નથી. ત્યારે એ માણસે પોતાની આંખોથી નહીં, મનની આંખોથી દુનિયાને જોવી પડે છે. પોતાને ઓળખવું પડે છે. કારણ કે જો તમે પોતાની વેલ્યુ નથી કરશો, તો લોકો તમને કાગળ જેટલું પણ વજન આપશે નહીં. આ સમાજમાં માણસની કિંમત તેના સ્વભાવથી નહીં, તેના પરિણામોથી માપવામાં આવે છે. જ્યાં સુધી તમે ઊભા નથી થતા, ત્યાં સુધી લોકો તમને પગથી કચડતા રહેશે. અને જ્યારે ઊભા થશો, ત્યારે જ એ જ લોકો તમને સલામ કરશે. આ દુનિયાની આડઅવળી ન્યાયપ્રણાલી છે.

મુશ્કેલીઓથી ભાગીને કોઈ મહાન બન્યું નથી. ઇતિહાસ સાક્ષી છે. રામને દુઃખ ન પડ્યું હોત, તો રામાયણ ઉપદેશ નહીં, માત્ર કથા બની રહેત. સીતાજીનું દુઃખ ન હોત, તો સ્ત્રી સહનશક્તિનું સ્વરૂપ કોણ સમજાવત? મહાભારતમાં અર્જુનનું વિખૂટું પડવું ન હોત, તો ગીતા જન્મી જ ન હોત. કૃષ્ણ ભગવાન જન્મથી જ સંઘર્ષમાં ઉતર્યા - માતાની ગોદ નહીં, જેલની દીવાલો; બાળપણ રમકડાંમાં નહીં, ભયમાં પસાર થયું. ત્યારે આપણે કોણ છીએ? કયા ખેતની મૂળી? આપણું દુઃખ અનોખું નથી, આપણું દુઃખ અમર નથી. પણ આપણે એને એવું માની લઈએ છીએ કે જાણે દુનિયામાં દુઃખ માત્ર આપણાં ભાગે જ આવ્યું છે.

સમસ્યા દુઃખમાં નથી, સમસ્યા આપણી લાગણીશીલ નબળાઈમાં છે. આપણે લોકોની વાતોને દિલમાં ઉતારી લઈએ છીએ, ત્યાં જ ફસાઈ જઈએ છીએ. કોઈએ કટાક્ષ કર્યો, આપણે તૂટી જઈએ. કોઈએ અવગણના કરી, આપણે રસ્તો ભૂલી જઈએ. આપણે સમજતા નથી કે લોકોના શબ્દો એ એમની અસુરક્ષા છે, આપણું સત્ય નથી. હંમેશા યાદ રાખજો - તમે તમારી જાતને બદલો નહીં, તમારા વિચારને બદલો. કારણ કે વિચાર બદલાશે તો દિશા બદલાશે, અને

દિશા બદલાશે તો જીવન બદલાશે.

જીવનમાં ફરી ફરી ધૂળ લાગશે, કપડાં મેલાં થશે, આત્મા થાકી જશે. પણ દરેક વખતે ધૂળ ખંખેરીને ઊભા થવું પડશે. કારણ કે આસમાન સુધી પહોંચવા માટે પહેલા જમીન પર પડીને ઊઠવાની આદત પાડવી પડે છે. જો તમે બોલ બની જશો, તો લોકો તમને ફેંકશે. જો દીવાલ બની જશો, તો રસ્તો બંધ થશે. પણ જો તમે આગ બની જશો, તો અડચણો બળી જશે. લોકો તો બોલશે, બોલતા રહેશે. તમે જો સાંભળતા જ રહેશો, તો આગળ કદી નહીં વધી શકો.

એક શાયરી યાદ રાખજો - "લોકોની વાતોમાં જે જીવ્યા, એ કદી પોતાનો રસ્તો ન જોઈ શક્યા,

જે પોતાના વિચારમાં સળગ્યા, એ જ આસમાન સુધી પહોંચી શક્યા."

અને બીજી - "દુઃખ જો ન હોત જીવનમાં, તો હિમતની ઓળખ ક્યાંથી આવત?

આગ જો ન હોત અંદર, તો લોખંડને તાકાત ક્યાંથી આવત?"

અંતે એટલું જ કહેવું છે - આ દુનિયા સહાનુભૂતિથી નહીં, હિમતથી બદલાય છે. તમારે તમારો રસ્તો પોતે જ બનાવવો પડશે. લોકોની વાતો દીવાલ સુધી જ રહે, આત્મા સુધી નહીં. કારણ કે જે દિવસે તમે પોતાને ઓળખી લેશો, એ દિવસે દુનિયાની દરેક ટીકા તમારાં પગ નીચે પડી જશે.

જો તમે **હિમત** છોડશો,
તો દુનિયા તમને **દબાવી** દેશે;
લોકોની વાતોને **દિલમાં** ઉતારશો
તો **આત્મવિશ્વાસ** તૂટી જશે અને
તમારો રસ્તો ક્યારેય બની શકશે નહીં.

પ્રાર્થનાનું વિજ્ઞાન...



પ્રાર્થનાનું વિજ્ઞાન...

- દીપક જગતાપ

તમારી પાસે કરોડો રૂપિયા હોય અને ક્રિટીકલ સંજોગોમાં ઓપરેશન ટેબલ પર એક્સપર્ટ તબીબો દર્દીનો જીવ બચાવવા મરણીયા પ્રયાસો કરવા છતા મેડિકલ સાયન્સ પણ કશું ના કરી શકે ત્યારે ડોક્ટર કહે છે અમે દર્દી નો જીવ બચાવવા અમે બધું કરી છૂટ્યા છે. હવે દર્દીને દવાની નહીં દુઆની જરૂર છે. દુઆ અર્થાત પ્રાર્થના કરો કદાચ કોઇ ચમત્કાર કરી શકે. ખરે જ પ્રાર્થનામાં ઘણી શક્તિ રહેલી છે. સાચા દિલથી કરેલી પ્રાર્થના ઈશ્વર સુધી ફળે છે. નિયમિત પ્રાર્થના કરવાથી મનને શાંતિ મળે છે. શરીરને એક પોઝેટીવ ઉર્જા મળે છે. પ્રાર્થનાનું વિજ્ઞાન પણ સમજવા જેવું છે. મન અને શરીર પર તેની પોઝિટિવ કેવી કેવી અસરથાય છે. પ્રાર્થનાથી ક્યાં ક્યાં કેવા કેવા ફાયદા થાય છે તેની વૈજ્ઞાનિક માહિતી જાણવાનો પ્રયાસ કરીએ. પ્રાર્થનાનું વિજ્ઞાન સમજીએ.

આજે પ્રાર્થના, ધ્યાન પૂજાના વિજ્ઞાન વિશે હવે ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ થઈ રહ્યો છે. વિશ્વની મોટી મોટી યુનિવર્સિટીઓ પણ એની વૈજ્ઞાનિક અસરો પણ સંશોધન કરી રહી છે. વિવિધ સંશોધન સંસ્થાઓ જેવી કે હાવર્ડ, સ્ટેનફોર્ડ, જોહન્સ હોપકીન્સ, મેક્સ પ્લેન્ક ઇન્સ્ટિટ્યૂટ વગેરે દ્વારા અસંખ્ય અભ્યાસો થયા છે.

પ્રાર્થનાથી માનવ શરીર પર ચમત્કારિક અસર થતી હોય છે. જેમાં ખાસ કરીને માનસિક અસર મગજ પર કેવી અસર થાય છે એની વાત કરીએ તો પ્રાર્થના ધ્યાન દરમિયાન મગજનો અશાંત પ્રદેશ શાંત થાય છે. આનાથી "Self-Transcendence" ની

અનુભૂતિ થાય છે (જેને આપણે "ઈશ્વર સાથે જોડાવું" કહીએ છીએ). ધ્યાન, નિયંત્રણ, કરુણા સક્રિય થાય છે. મનમાં ડર, તણાવની ની પ્રવૃત્તિ ઘટે છે. ચિંતા-તણાવ ઓછો થાય છે. તણાવથી હોર્મોન ઘટે છે. નિયમિત પ્રાર્થના, ધ્યાનથી સ્ટ્રેસ હોર્મોન ૨૦ થી ૩૦% ઘટે છે.

પ્રાર્થનાથી હૃદય અને રક્તચાપ પર પણ અસર થાય છે. હાર્વર્ડના અભ્યાસ મુજબ દરરોજ ૧૦ થી ૨૦ મિનિટની પ્રાર્થના, મંત્રજપ કરનારાઓમાં હાઈ બ્લડપ્રેશર ૧૨-૧૫ mmHg ઘટે છે. હૃદયરોગનું જોખમ ૩૦% સુધી ઘટે છે. મન પૂર્વક પ્રાર્થના કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.

૨૦૧૮માં વીસકોંસીન યુનિવર્સિટીનો અભ્યાસ જણાવે છે કે ૮ અઠવાડિયાનું ધ્યાન કરનારાઓમાં ફ્લૂની રસીની અસર ૪૦-૫૦% વધુ જોવા મળી હતી.

એ ઉપરાંત તેલોમેરાશે એઁઝાઇમ જે કોષોને જુવાન રાખે છે તેનું નું સ્તર વધે છે, એમ કહીએ કે વૃધ્ધત્વ ધીમું પડવા માંડે છે. પ્રાર્થના ઊંઘ પણ સુધારે છે. Insomniaના દર્દીઓમાં દરરોજ નમસ્કાર, પ્રાર્થના કરવાથી ૬૫% લોકોને ૬ અઠવાડિયામાં જ ઊંઘ સારી થઈ જાય છે.

એ ઉપરાંત પ્રાર્થનાથી ડિપ્રેશન-એન્ઝાયટીમાં પણ રાહત મળે છે. પ્રાર્થના-આધારિત ધ્યાનની તુલના કરતાં બંનેમાં ડિપ્રેશન ૪૦-૫૦% ઘટે છે.

પ્રાર્થના એ ઈશ્વર સાથેનો સંવાદ છે. મનુષ્ય જીવનમાં અનેક દર્દથી પીડાતો હોય છે. ત્યારે પ્રાર્થનાથી દર્દ ઘટે છે. દીર્ઘ પીડાવાળા દર્દીઓમાં પ્રાર્થના કરવાથી દર્દની તીવ્રતા ૨૫-૩૦% ઘટે છે એમાંય નમસ્કાર મહામંત્રનો જપ ખૂબ અસરકારક બને છે.

પ્રાર્થના ઈશ્વર સાથે સંકળાયેલી અનુભૂતિ છે. જેનો દૈવી શક્તિ સાથે સંબંધ છે. અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સીટીની - PEAR Lab (1979-2007) અને ગ્લોબલ કોન્સીયઝનેસ પ્રોજેકટે જણાવ્યું છે કે જ્યારે લાખો લોકો એકસાથે પ્રાર્થના કરે છે ત્યારે સામૂહિક ચેતનાનો પ્રભાવ ભૌતિક વિશ્વ પર પણ પડે છે. આને "Non-local Consciousness" કહેવાય છે.

ટૂંકમાં પ્રાર્થના એ માત્ર ભાવનાત્મક કે ધાર્મિક બાબત નથી; તે એક શક્તિશાળી ન્યુરો ફિઝિયોલોજીકલ ઈનવેનશન છે જે મગજની રચના, હોર્મોન્સ, રોગપ્રતિકારક શક્તિ અને આનુવંશિક અભિવ્યક્તિ પર પણ સકારાત્મક અસર કરે છે.

જૈન ધર્મમાં નમસ્કાર મહામંત્ર, પ્રતિક્રમણ, ચૌવીસ તીર્થંકરોની પૂજા, સ્વાધ્યાય આ બધું વૈજ્ઞાનિક રીતે પણ સૌથી ઉચ્ચ સ્તરનું ધ્યાન ગણાય છે, કારણ કે તેમાં કરુણા, ક્ષમા, કૃતજ્ઞતા અને અહિંસા જેવા ભાવો પ્રબળ હોય છે. તો સાચા દિલથી, નિયમિત અને શ્રધ્ધાપૂર્વક કરેલી પ્રાર્થના ઈશ્વર સુધી તો પહોંચે જ છે અને શરીર પર એની પોઝિટિવ અસર થાય છે વિજ્ઞાન પણ એનું સમર્થન પણ કરે છે! તો આમ પ્રાર્થના કરવાના ઘણા ફાયદા છે.

ચાણક્ય
સૂત્ર...



ચાણક્ય સૂત્ર :

૧. "અતિ સર્વત્ર વર્જયેત્"

કોઈ પણ બાબતમાં અતિશયતા હાનિકારક છે. ભોજન, વાણી, ક્રોધ કે પ્રેમ – બધામાં મર્યાદા જ જીવનને સંતુલિત રાખે છે. આ સૂત્ર આપણને સંયમ અને સંતુલનની પ્રેરણા આપે છે.

૨. "વિદ્યા દદાતિ વિનયમ્"

વિદ્યા માણસને વિનમ્ર બનાવે છે. સાચું જ્ઞાન ક્યારેય અહંકાર શીખવતું નથી. શિક્ષણ સાથે સંસ્કાર જોડાય ત્યારે જ વ્યક્તિ સમાજમાં આદર પામે છે.

૩. "માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ"

માતા-પિતા જીવનના પ્રથમ ગુરુ છે. તેમના આશીર્વાદ અને માર્ગદર્શન વિના સફળતા અધૂરી છે. આ સૂત્ર આપણને પરિવાર પ્રત્યે આદર અને કૃતજ્ઞતા શીખવે છે.

૪. "શત્રુણાં પ્રબળં શસ્ત્રં ગુપ્તમસ્ત્રં ભવેન્નરઃ"

આપણી યોજના અને શક્તિ હંમેશા વિચારપૂર્વક ઉપયોગમાં લેવી. રહસ્ય જાળવવું અને યોગ્ય સમયે કાર્ય કરવું એ સફળતાનો માર્ગ છે. મૌન ઘણી વાર સૌથી મોટી બુદ્ધિમત્તા સાબિત થાય છે.

૫. "અન્યદેશે ભૂષણં શાસ્ત્રં"

વિદેશ કે અજાણી જગ્યાએ માણસનું સાચું આભૂષણ તેની વિદ્યા અને સંસ્કાર છે. સંપત્તિ ખોવાઈ શકે, પરંતુ જ્ઞાન જીવનભર સાથ આપે છે.



તે પોતે...

પારમિતા ષડંગી
મુંબઈ



આંબાનાં ઝાડ નીચે એક વસ્તુ ઊંધી પડી હતી, તે માણસ એની ઉપર બેસીને ઝાડ પર ટિંગાય રહેલ સૂરજનાં જવાનો રસ્તો જોઈ રહ્યો હતો. અધખુલ્લું મોં અને આંખો, એક હાથ ઊંધો માથા પાછળ રાખીને, મોટેભાગે તે એવી જ રીતે બેસતો હતો. જાણે એના સિવાય બેસવાની બીજી કોઈ મુદ્રા એને ખબર જ ન હોય. તે જ સમયે સૂકાં પાંદડાઓ પર કોઈકનાં કદમોનો અવાજ સાંભળી, એનાં ચહેરા પર સંતોષનો સોનેરી રંગ ડૂબતાં સૂરજની રાતી આભા સાથે ભળવાથી ચમકવા લાગ્યો.

એણે પોતાની ગતિને વધારી અને મોં ફેરવી પડેલ વસ્તુ ઉપર બેસવાવાળાને ધક્કો મારી પાડી દીધો. નીચે પડેલ કુહાડીથી તે વસ્તુ પર ઘા મારવા લાગ્યો. થોડા જ સમયમાં તે વસ્તુનાં નાના નાનાં ટુકડા થઈ ગયાં અને માટીમાં ભળી ગયા.

તે સિમેન્ટની ટાંકી હતી જે ખબર નહીં કેટલાંયે દિવસોથી ત્યાં ઊંધી પડેલી હતી.

ત્યારે સૂરજ ઠંડો થઈ ડૂબી ગયો.......

બધાં એને 'અમાસિયો'નાં નામથી બોલાવે છે. પણ એને એ નામ પસંદ ન હતું. જો મા જીવતી હોત તો પૂછ્યું હોત" શું ખરેખર! આવા નામ રાખવાથી યમરાજ એમની પાસે નહીં બોલાવે?"

તે એક ઝૂંપડીમાં રહેતો હતો. ઝૂંપડીની પાછળ એક બકરીનો વાડો હતો. છ બકરીઓ હતી. ચારેબાજુ ખેતર હતાં. ત્યાર પછી ગામ શરૂ થઈ જતું હતું. ખેતરોમાંથી ધાન કપાઈ ચૂક્યું હતું. ગામનાં છેવાડે એક જંગલ, કોઈપણ જંગલી જનાવર વગરનું. ખબર નહીં કેવી રીતે એક નાની બકરી તે જંગલમાંથી ભટકતી ભટકતી આવી પહોંચી હતી, બે વર્ષ પહેલાં... હવે તેઓ છ બકરીઓ થઈ ગઈ. મા અને પિતાજીનાં ગયા પછી, એણે થોડું પેટ ભરવા કેટલું કષ્ટ ઉઠાવવું પડ્યું. પણ આ બકરીનાં બચ્ચાનાં મળ્યાં

પછી, કેટલાંક સપનાં, એક મોટા તબેલાનું દૃશ્ય એનાં મનોજગતમાં ચિતરાતું રહે છે.

કેટલાંક દિવસો સુધી તે એ ટાંકીની ઉપર બેસીને સમયની જેમ વહેતી વાડામાંથી નીકળતી ગટરને જોતો હતો. થોડે દૂર ગટર તો નહેરમાં મળીને અટકી થઇ ગઇ પણ તેનાં સપનાંઓ કોઈ કિનારા માટે તડપી રહ્યાં હતાં.

એક અઠવાડિયા પહેલાં મંગળવારની રાત હતી, જ્યારે નટિયા નાહકનાં શરીરમાં માતાજી આવ્યાં હતાં, એણે ભીડમાં એનો હાથ પકડ્યો... માથામાં સિંદૂર લગાવ્યું... પછી ચારે તરફ નૃત્ય કર્યું અને કહ્યું, "આ વખતે, તારી આંખો ખુલ્લી રાખજે... લક્ષ્મી મા પહેલેથી જ તારા પર પ્રસન્ન છે. કંઈને કંઈ ઘટના જિંદગીમાં બનશે... ચાલ હવે પાંચ રૂપિયા અહીં મૂક અહીં..."

તે દિવસથી નાહકે આપેલ તાવીજ પોતાનાં ગળામાં પહેરી રાહ જોઈ રહ્યો છે. બની શકે કે લક્ષ્મી માતાનાં આગમનનું કોઈ વિશેષ વર્ષ, માસ, દિવસ હશે, નહીં તો કેટલાંય વર્ષોથી તે પ્રસન્ન ન હતી. નથી ખબર કેટલીય વખત પેટની ભૂખને મારીને તે પથારીમાં સૂવાના ભ્રમથી પોતાની જાતને શાંત રાખવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

એ લગભગ તે આંબાનાં ઝાડ નીચે ઊંધી પડેલ ટાંકીની ઉપર બેઠેલી બકરીઓને જોતો રહેતો હતો. કઈ બકરી ક્યા મહિને લવારુંને જન્મ આપશે, કઈ બકરી હજી કેટલાં દિવસો સુધી દૂધ આપશે તેવું બધું એ આંગળીઓથી ગણતો રહેતો. ગણતાં ગણતાં સપનામાં ખોવાઈ જતો કે એક ગાય ખરીદવા માટે કેટલાં દિવસો લાગશે? પછી એક લાંબો નિ:સાસો એનાં કલેજાને ધ્રુજાવી દેતો.

તે દિવસે પણ 'અમાસિયો' ટાંકી પર બેસી ક્યારેક આકાશ તો ક્યારેક વહેતાં પાણીને જોઈ રહ્યો હતો. સૂરજ પણ પોતાનાં ઘરે જવા આતુર હતો. કેટલાંક કાચા તત્વોનું ઝાડવું ગટરનાં પાણીમાં વહેવા લાગ્યું હતું. બરાબર એ જ સમયે એક પાંદડું પાણીમાં અટકી અટકીને વહી રહ્યું હતું. એને એ પાંદડાંની ગતિ પોતાનાં નસીબની ગતિ જેવી લાગી. થોડાં સમય પહેલાં અઢીસો ગ્રામ દૂધ લઈને મનુઆભાઈને વેચ્યું હતું ત્યારે હાથમાં થોડાં છુટ્ટા પૈસા આવી ગયાં હતાં. અમાસિયો પૈસાને ફેરવી રહ્યો હતો અને વિચારી રહ્યો હતો - આટલાં પૈસામાં કેટલાં સપના જોઈ શકાતાં હશે! એ પૈસાના જરા ઠનઠન અવાજથી કોઈ ચિંતા, આશા અને સપનાઓ સુનામીની જેમ એનાં મનને હચમચાવવા લાગ્યાં. અચાનક એની આંગળીઓની વચ્ચેથી એક આઠ આના પડી ગયા અને આંબાનાં ઝાડનાં મૂળમાં જઈને ફસાઇ ગયા. અમાસિયાને થયું કે એનાં અરમાનોનો એક ટુકડો ક્યાંક ખોવાઈ ગયો, પણ એવું તો નહીં જ થવું જોઈએ, એણે તો તાવીજ પહેર્યું હતું. તે વાંકો વળીને શોધવા લાગ્યો... નહીં... તે નહીં આઠ આના નહીં મળ્યા. અંધારામાં એને દેખાતું પણ ન હતું. ક્યાંક આઠ આના ટાંકીની અંદર તો નહીં ચાલી ગયા હોય!

ગુસ્સામાં પગ પછાડતો તે તેની ઝુંપડીની પાછળ ચાલી ગયો, ત્યાં પડેલી કોદાળી લાવી ટાંકીની ચારે તરફ ખોદવા લાગ્યો. ઉંધી પડેલી ટાંકીને સીધી કરી એમાં શોધવા

લાગ્યો પણ આઠ આના ત્યાં પણ નહીં હતાં. અંધારામાં કંઇ દેખાય પણ રહ્યું નહિ હતું. એને મનમાં વિચાર આવ્યો કે એનાં પ્રયત્નો નિષ્ફળ નહીં થઇ જાય ને અને તે દિવસ ઊગે ત્યાં સુધી ત્યાં બેસી રહ્યો.

ચોક્કસ આ સમય એનાં માટે ખૂબ લાંબો સમય રહ્યો હશે. સવાર થતાં જ તે ફરીથી શોધવા લાગ્યો, આઠઆના તો નહીં મળ્યા, પણ ત્યાં સુધીમાં કદાચ એણે પોતાની જાતને શાંત કરી દીધી હતી, નહીં તો ઊંધી પડેલ ટાંકીને સીધી કરી એને સાફ કરવાનો વિચાર કેવી રીતે કરી શક્યો હોત. ટાંકીને સીધી કરી થોડી રાખ નાંખી સાફ કરવા માટે... પણ આ શું રાખ તો તરત જ બેગણી થઇ ગઇ. ગભરાયને બે પગલાં પાછળ ખસ્યો, કંઇક વિચારીને એક ડોલ પાણી ટાંકીમાં રેડ્યું. હે ભગવાન! બે ડોલ પાણી..!

નટિયા નાહકની વાત કેવી રીતે સાચી નહીં પડે? કદાચ માતા લક્ષ્મીને આવી જ રીતે આવવું હતું. શું મા અને પિતાજીને ખબર હતી, ટાંકીનાં વિષયમાં? અહીં કેવી રીતે આવી હશે આ ટાંકી? એણે તો બાળપણથી જોઇ છે, પણ એનાં ચમત્કાર બાબતે એને કેમ કંઇ ખબર નહીં હતી? હવે શું કરવું જોઇએ? એવાં જ કેટલાંયે પ્રશ્નો એનાં દિલોદિમાગ પર હાવી થવા લાગ્યા.

મરેલાં કાગડાંની જેમ બે દિવસ સુધી તે પોતાની ઝૂંપડીમાં પડી રહ્યો. સૂઇ પણ નહીં શક્યો, કેટલીય યોજનાઓ એનાં મન મસ્તિષ્કમાં ઉછળી રહી હતી. કંઇક વિચારીને પથારીમાંથી ઉઠ્યો, નાહી-ધોઇને ગામની તરફ નીકળી પડ્યો. એને લાગ્યું કે તે પોતે જ શ્રી રામ છે જે હમણાં અયોધ્યા ફરી આવી રહ્યો છે. જોકે એણે પહેલાં આવું ક્યારેય કર્યું ન હતું. દેશ વિદેશના સમાચાર જાણવા તો દૂરની વાત, એણે ક્યારેય ગામની ખબર પણ રાખી ન હતી. ચાલતાં ચાલતાં એણે જોયું કે એનાં બાળપણનાં મિત્રએ ચારે તરફ લાકડાનાં ખૂંટા નાંખીને એને કંતાનનાં કપડાથી લપેટીને એક ચા ની દુકાન બનાવી છે. એ દિવસે દોસ્ત ચા ની દુકાન પર હતો, એણે એની સાથે થોડીવાર વાતો કરી. પછી કોઈકે પાંચ કપ ચા માટે બૂમો પાડી. અમાસિયાએ જોયું એ રસ્તા પર કામ કરનાર મજૂરોનો ઠેકેદાર હતો. ગામ અને એ જાનવર વગરનાં નાનાં જંગલનો કાચો રસ્તો હવે પાક્કો રસ્તો બની રહ્યો હતો. એ મિત્ર પાંચ કપ ચા લઈને સડક પર કામ કરી રહેલ માણસો પાસે ચાલી ગયો, અમાસિયાને પૈસાનાં ડબ્બાને સાચવવાનું કહીને. આ એક જ દુકાન હતી, આજુબાજુ કોઇ દેખાતું ન હતું, દોસ્ત પણ ચાલતો ચાલતો હવે નાનો દેખાય રહ્યો હતો. એણે ડબ્બો ખોલ્યો પણ એનું શરીર કાંપવા માંડ્યું. એણે એક સાથે આટલાં પૈસા ક્યારેય જોયા ન હતાં. એમાંથી ચાર સો રૂપિયા કાઢીને ગંજીની અંદર મૂકી દીધાં. એને થયું આટલાં બધાં પૈસામાંથી થોડાં ઓછાં થઇ જશે તો એનાં મિત્રને કદાચ ખબર પડશે જ નહીં. તે ત્યાં રોકાય કે નહિ એવું વિચારતો હતો ત્યાં એનો દોસ્ત આવી પહોંચ્યો. એણે ડબ્બામાં પૈસા મૂક્યાં અને પૂંછ્યું "એક સિગારેટ જોઇએ શું? " અમાસિયાએ માથું હલાવી 'ના' કહી અને હસ્તધનૂન કરી ત્યાંથી ઉઠીને ચાલવા માંડ્યો.

તે તળાવ નજીક પહોંચ્યો અને ચારે બાજુ

જોયું. એ જાણતો હતો કે એની ઝૂંપડી ગામનાં છેવાડાથી ઘણી દૂર અને સુમસાન જગ્યાએ છે. છતાં પણ તે વધારે સાવધાની રાખવા માંગતો હતો. એણે આમ જોયું.. તેમ જોયું પછી પૈસાને ટાંકીમાં નાંખી દીધા. એક ક્ષણમાં બે ગણા, ફરી નાંખ્યા, ફરી ચાર ગણા. હવે બસ વધારે લાલચ કરવી સારી વાત નથી. હાથમાં પૈસા લઈ ખુશીથી બેભાન થઈ રહ્યો હોય એવું એને અનુભવાયું અને સાથે સાથે પચાસ કિલોમીટર દૂર શહેર જઈ રહેલ બસનાં હોર્નમાં નવા કપડાં અને સારું ખાવાનું એનાં મગજને કોંદી રહ્યાં હતાં. તે પોતાનાં ખિસ્સામાં બધાં પૈસા લઈ શહેર તરફ જવાની તૈયારી કરવા લાગ્યો. એ બકરી અને તબેલા બાબતે ભૂલી ગયો.

શહેર પહોંચીને ખૂબ ખાવાનું ખાધું. જિંદગીમાં પહેલી વખત ફિલ્મ જોઈ. સડકનાં કિનારે અત્તર વેચવા વાળાએ એની ઉપર થોડું અત્તર છાંટ્યું એક એક નાની શીશી એના હાથમાં પકડાવી દીધી. એને બિલકુલ ખબર નહીં હતી કે અત્તર એટલે શું? બાળપણથી એને ગટરની ગંધ જ એકમાત્ર ગંધ હોય એવી ખબર હતી. શીશીનાં પૈસા આપી અમાસિયાએ અત્તર ખરીદી લીધું. પછી નવું શર્ટ અને પેન્ટ ખરીદવા માટે સૌથી મોટાં એક સ્ટોરમાં ઘુસી ગયો. થોડાં કપડાં ખરીદયાં પછી પૈસા આપી પેકેટ લઈ રહ્યો હતો ત્યાં કેટલાંક લોકોએ એને પકડી લીધો. તે પરેશાન થઈ ગયો અને પૂછવા લાગ્યો કે એની ભૂલ શું છે? તે પોતાને છોડાવવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો અને થોડીવારમાં પોલીસ આવી ગઈ. ઇન્સ્પેક્ટરે થાણામાં ખરાબ રીતે એને માર્યો, એને સમજાયું નહિ કે આવું કેમ થઇ રહ્યું છે. તે વિચારી રહ્યો હતો કે એનાં મિત્રએ કંઈ કહ્યું તો નથી ને, પોલીસને શું કહે કે એનાં જવાબથી સંતોષ પામી એને છોડી દે, તે વિચારતો રહ્યો. બે દિવસનાં માર પછી એક પોલીસ વડા સાહેબે આવીને પૂછ્યું "તું આટલા બધા પૈસા ક્યાંથી લાવ્યો?" રસ્તામાં એક પાકીટ પડ્યું હતું એમાં પૈસા હતા, બસ ઉઠાવી લીધું. ભૂલ થઈ ગઈ છે. મારો વિશ્વાસ કરો મેં ચોરી નથી કરી. "એણે જલ્દી-જલ્દી હાથ જોડીને કહ્યું જેથી પોતાની જાતને નિર્દોષ સાબિત કરી શકે."

"ચોરી તો નાની વાત છે, પરંતુ આ તો ખૂબ મોટો અપરાધ છે. વાત એમ છે કે એક ખૂબ મોટો અપરાધ જાણવા મળ્યો છે. બધાં જ પૈસાનાં નંબર એક જ છે. નકલી નોટ છાપવાનો ધંધો... સમજાય છે.. કંઈ?"

કેટલાંક પોલીસ કર્મચારી એને ખેંચીને રસ્તા પર લઈ આવ્યાં અને બોલ્યાં " તને આ પાકીટ જ્યાંથી મળ્યું હોય ત્યાં લઈ જા." અમાસિયો, એ પોલીસવાળાઓને એક સુમસાન જગ્યાએ લઈ ગયો અને કહ્યું," અહીં પડ્યું હતું" એને ખબર હતી, એનું જૂઠાણું કોઈ પકડી શકશે નહીં. એ લોકોએ ઘણી તપાસ કરી, ને પાછાં આવી ગયા. બે દિવસ પછી અમાસિયાને છોડી મૂક્યો.

સાંજે તે ઘર આવ્યો અને બકરીઓને જોઈ, એનાં મોંમાંથી શબ્દ નીકળી રહ્યાં ન હતાં. નજીકમાં પડેલ બધું ઘાસ પુરું થઈ ગયું હતું. બિચારા જાનવર એક બે દિવસ ભૂખા તરસા રહ્યાં હશે. કેટલો મૂર્ખ છું હું એવું વિચારીને પોતાની જાત પર ગુસ્સે થઈ ગયો. એક જ નંબરની બધી નોટ હતી, પહેલાં કેમ

નહીં જોયું. તે ટાંકી તરફ જોવા માંગતા ન હતો. એવી જ રીતે ત્રણ દિવસ નીકળી ગયાં...

શહેરનાં ભૂખરાં આકાશમાં તારાઓ હજી પણ ટમટમી રહ્યાં હતાં. એને થયું કે હવે સમય આવી ગયો કે એનાં અંધારા, એકલતા અને નિરાશાજનક જીવન પર થોડો પ્રકાશ પડે. એને એની ટાંકીની યાદ આવી. ઝુંપડીનાં એક ખૂણામાં સૂકાં ઘાસની અંદર રાખેલ ટાંકીને કાઢીને થોડા સમય સુધી જોતો રહ્યો અને એણે વિચાર્યું જૂની ભૂલ ફરી નહીં થાય એણે પોતાની જાતને મક્કમ રહેવા આદેશ આપ્યો. હવે શું કરવું જોઈએ? આમ કરે.. નહીં નહીં.. તેમ કરે... પોતાની જાત સાથે હિસાબ કિતાબ કરતાં કરતાં, ચાલતો ચાલતો તે ક્યારે નાના જંગલમાં કેટલો અંદર ચાલી ગયો એની એણે કોઈ ચિંતા નહીં કરી. અચાનક એનાં પગમાં કંઈ વાગ્યુ. એક ચમકતી વસ્તુ, એણે એ વસ્તુ ઉંઠાવી. તે સોનાની બુટ્ટીની જોડમાંની એક બુટ્ટી હતી.

ઘરે પાછો આવીને તેણે એક બુટ્ટી ટાંકીમાં નાંખી... એકથી બે.. બેથી ચાર... આઠ.. અમાસિયાને પોતાની અંદર ખુશીનો અહેસાસ થયો. પરિસ્થિતિઓ દરેકને જીવવા માટેનું રહસ્ય શીખવી દેતી હોય છે. આ વખતે બધું ઠીક છે એવું એને લાગ્યું. આઠ બુટ્ટીઓ સાથે એ આભૂષણની દુકાને વેચવા માટે ફરી શહેર જવાની તૈયારી કરવા લાગ્યો. આ વખતે એ કોઈ મુસીબતમાં નહીં પડશે એવો એને ભરોસો હતો, છતાં પણ બકરીઓની સામે ચાર પાંચ દિવસનો ચારો મૂકીને શહેર ગયો. એક આભૂષણની દુકાને બુટ્ટીઓ વેચવા માટે. એનાં કપડાં, વાંકડિયા વાળ એ બધું આટલું સોનું રાખવાવાળા વ્યક્તિત્વથી સાવ અલગ હતું. આભૂષણની દુકાનનાં માલિકે એને બેસાડ્યો. સોનું તોલ્યું, પરંતુ વાસ્તવમાં...

થોડાં જ સમયમાં પોલીસ આવી પહોંચી.

બે કલાક સુધી માર ખાધા પછી પણ એ એની જિદ્ પર અડગ રહ્યો અને બોલ્યો" આ જંગલમાં પડેલું હતું, મેં ઉઠાવી જોયું... સોનાની બુટ્ટી હતી તો... એને વેચવા... હું સાચું કહી રહ્યો છુ."

"અરે! તારી સચ્ચાઇ પર કોણ ભરોસો કરશે... બસ તને જ ફક્ત પૈસાનું પાકીટ અને ઘરેણાં મળે છે બીજા કોઈને નહીં. વડા પોલીસની વાત સાંભળી એણે એનાં બંને હાથ જમીન પરથી ઉઠાવ્યાં અને નાટકીય ભાવથી હાથ જોડ્યાં. સાહેબ કંઈ કહેવાનાં જ હતા ને કોસ્ટેબલનો અવાજ સંભળાયો' "સાહેબ, એની પત્નિની બુટ્ટી ખોવાઈ ગઈ છે. "એ માણસે ઇન્સ્પેકટરને એક ફોટો બતાવ્યો, જેમાં પત્નીએ એવી જ બુટ્ટી પહેરી હતી.

એ માણસે પોતાની પત્નીની બુટ્ટી પહેરેલો ફોટો બતાવાની સાથે સાથે કહ્યું, " શ્રીમતીને ગાડીમાં બેસવાથી ઉલટી થાય છે. તે દિવસે અમારા ગામ જવાનાં રસ્તા પર એને ઉલટી થઇ હતી. મેં એક સુમસાન જગ્યા પર ગાડી થોભાવી હતી. કદાચ ત્યાં બુટ્ટીઓનું પડીકું પડી ગયું હશે."

"પરંતુ, ચાર જોડ બુટ્ટીઓ મળી છે, બધી એક જ પ્રકારની છે." સાહેબે આશ્ચર્યથી પૂંછ્યું. એણે સ્પષ્ટપણે કહ્યું, "જી, ઘરની બધી સ્ત્રીઓ માટે લઇને જઇ રહ્યાં હતાં. વાત

એમ છે કે મારી પત્નીની બુટ્ટી બધાને પસંદ આવી હતી. તો ભાભી અને બહેનો માટે બનાવીને લઈ જઈ રહ્યાં હતાં. રૂમાલ કાઢતી વખતે પડી ગયું હશે. અમે ખૂબ ચિંતામાં હતાં. એ તો તમે આ માણસને ધરપકડ કર્યો ત્યારે સારાં નસીબે મારો નોકર ત્યાં હતો. એણે જણાવ્યું તો હું દોડતો દોડતો આવ્યો."

સાહેબે કાનની બધી બુટ્ટીઓ એ માણસને આપી દીધી.

પોલીસ સ્ટેશનની બહાર નીકળ્યા પછી અમાસિયાને તે વાત પર વિશ્વાસ થઈ રહ્યો ન હતો. પણ એણે એક વાત સમજી લીધી કે આવી રીતે ધન નહીં મળે. જ્યારે પાછો ફરી રહ્યો હતો ત્યારે સાહેબની વાતોએ એને ડરાવી દીધો હતો.

"આ વખતે મારી નજર તારા પર છે, જો ફરી તેં કઈ કર્યું, અને જો અહીં આવ્યો તો.. " સાહેબે, પોતાની કમ્મર પર બાંધેલ બંદૂક પર હાથ ફેરવતાં કહ્યું.

અમાસિયાનું મગજ ખાલી હતું. જ્યારે કંઈ જ નહીં હતું ત્યારે એ શાંતથી રહેતો હતો. ધીમે ધીમે તે સપનાઓની આંગળી પકડી રહ્યો. એને પામવાની ચિંતા, એને પકડી રાખવાની ચિંતા એને ખોવાનું દર્દ અને પછી ફરી ખાલી હાથ થઈ જવાનો ડર - આ બધાનો માનસિક તણાવ એને એનાં હૃદયમાં એક અજાણી પીડા આપી રહ્યાં હતાં.

હવે તે કોઈ ભૂલ ફરી કરવા માંગતો ન હતો જે એણે અગાઉ કરી હતી. હવે તેને વધારે સાવચેત રહેવાની જરૂર લાગી. તે બે દિવસ સુધી આંબાનાં ઝાડ નીચે પહેલાં જેમ બેસતો હતો એમ સમય પસાર કરતો રહ્યો.

પછી...

અચાનક એનાં મગજમાં એક વાત વીજળીની જેમ ચમકવા લાગી. ત્યારે ચંદ્રમા આકાશમાં દેખાયો. તે પોતાની ઝુંપડીમાં ભાગીને ગયો અને ધાનનાં સૂકા ઘાસમાં સંતાડેલી ટાંકી કાઢી. થોડો સમય એને ટીકી ટીકીને જોઈ, કોઈ અજાણ્યા ઈશ્વરને પ્રણામ કરી ટાંકીની અંદર ઉભો રહી ગયો. આ શું? ઝટકા સાથે દૂર ફંગોળાઇ ગયો... ટાંકીની અંદર એનાં જેવું બીજું કોઈ હતું.

ચારપાંચ દિવસ ખૂબ મજાથી વિત્યાં. તે ઘરમાં રહેતો, સૂઈ જતો, સપના જોતો... ગોરી, પાતળી, કોમળ કાયા... જેનાં ઝાંઝરનાં અવાજથી એનાં લોહીનાં સમુદ્રમાં આગ લાગી જતી હતી. એનાં કોમળ સ્વરથી એનાં આંગણામાં સાત સૂરોનો ઝંકાર ગૂંજતો હતો. હવે બધું ઠીકઠાક ચાલશે, વહેલાસર એ તે ઝાંઝર વાળીને એનાં ઘરે લઈ આવશે, તે પોતાની જાત સાથે વાત કરી રહ્યો હતો.

સાંજ થતાં જ બીજો માણસ મુઠ્ઠી ભરીભરીને રૂપિયા અને સ્વાદિષ્ટ ભોજન લઈને આવતો. અમાસિયાએ પૈસાને સાવધાનીથી કપડામાં લપેટીને ઘરનાં છતનાં ભૂસાની નીચે સંતાડી દેતો. એવું જ થોડાં દિવસ ચાલતું રહ્યું. પણ આજે એને જોઈ અમાસિયાનાં ગળામાંથી એક ચીસ નીકળી ગઈ. એનાં શરીર પર ઘા, આછા અજવાળામાં દેખાઈ રહ્યાં હતાં. બની શકે કેટલાંક લોકોએ ભેગાં થઇ એને માર માર્યો હશે, એનાં હાથમાં કંઈ નહીં હતું. અમાસિયાનાં મનમાં દયાભાવ જાગ્યો, એનો ખાલી હાથ જોઈ ગુસ્સામાં ફેરવાય ગયો. બંને વચ્ચે ખૂબ બોલાચાલી થઈ. એક એની

મજબૂર હાલત બતાવવા માંગતો હતો બીજો એને સમજવા માંગતો ન હતો. એમ જોઇએ તો બંને પોત પોતાનાં સમયથી હારેલાં હતાં. થોડો સમય જીભાજોડી કર્યા પછી બંને ઝૂંપડીની અંદર ચાલી ગયા અને ભૂખા સૂઈ ગયાં.

બે જણા બે દિવસ સુધી એ ઘરમાં રહ્યાં પોતાનાં ભૂતકાળ સાથે. બે દિવસ પછી એ શહેર જવા માટે તૈયાર થયો. અમાસિયાએ જોયું એ પહેલેથી જ શાંત છે અને એનામાં મનોબળ ઉમટી રહ્યું હતું. પરંતુ એ બંનેને ખબર નહીં હતી કે નિયતિએ કંઈક બીજું ગોઠવી રાખ્યું છે.

ત્યારે સૂરજ ગટરની પેલેપારથી જોઇ રહ્યો હતો. એને ઉગતો જોઈ અમાસિયા થોડો ખુશ થયો. એના મનમાં થયું કે કાશ, આ સોનેરી કિરણોને પોતાની ઝુંપડીનાં નાનકડાં આકાશમાં હંમેશ માટે સજાવીને રાખી શકે.

આખો દિવસ અમાસિયા બેઠાં બેઠાં વિચારતો હતો તે આજે થોડું વધારે લઈને આવશે. તે દિવસે બોલચાલમાં તે સમજી ગયો હશે કે ખાલી હાથ આવે તે અમાસિયાને ગમતું નથી. હવે એવી ભૂલ બીજીવાર નહીં કરશે. તે પોતાની હથેળીની મુઠ્ઠી વાળી તેમાંથી સૂરજને જોતો રહ્યો.

તે જ વખતે સૂરજ ઠપ થઈ ડૂબી ગયો.

તે ઝાડનાં સૂકાં પાંદડાઓને પોતાનાં પગ નીચે દબાવતાં દબાવતાં આવ્યો. અમાસિયાએ વિચાર્યું કે આજે નિરાશાનો છેલ્લો દિવસ છે. એણે પાછળ ફરી જોયું એનાં મોંમાંથી એક ભયંકર ચીસ નીકળી ગઈ. એનાં હાથમાં ચાકુ હતું, ચાકુ પર અને શરીર પર લોહીનાં છાંટાઓ પડ્યાં હતાં. અમાસિયાએ એનાં ચહેરા તરફ જોયું પણ કંઇ સમજી નહીં શક્યો.

"કોઈને મારી નાંખ્યો કે શું? "

તે આ પ્રશ્નને સાંભળ્યો નહીં સાંભળ્યો કરી બેદરકારીભર્યા ભાવથી બૂમો પાડી, નજીક પડેલ કોદાળીને ઉઠાવી અને ઝુંપડીની અંદર ગયો. અમાસિયાને કંઈક ખોટું થયાનો આભાસ થયો તે એની પાછળ ભાગ્યો.

"હું જીવવા માંગું છું, પણ... ભૂલી ગયો લાલચ અને વિકૃતિ થી જન્મેલની ઉંમર કેટલી હોય" એવું કહીને કોદાળીથી એણે ટાંકીને મારવાનું શરૂ કર્યું. થોડી જ ક્ષણોમાં ટાંકી ટૂટીને ધૂળમાં ભળી ગઈ. તે એક રહસ્યમય હાસ્ય વેરી ધીમે ધીમે ખોવાઈ ગઇ.

"સુખ" ખબર નથી કંઈ વાર્તાનું એવું પાત્ર છે જેનાં વિશે બધાંએ સાંભળ્યું છે પરંતુ કોઈએ જોયું નથી. કેટલાંય યુગ ભેગા થઈ અમાસિયાને ઘેરવા માંડ્યાં હતાં. એનું મગજ શુન્ય થઈ ગયું હતું.

એ જ સમયે, દૂર પોલીસની સાયરન સંભળાય.

એને એવું અનુભવાયું કે જાણે કોઈ રાક્ષસ એની તરફ આવી રહ્યો છે. તે તરત જ નદી તરફ ભાગવા લાગ્યો.

બની શકે કે બીજે દિવસે ગામનાં લોકોને એનું શબ એવું જ મળે જેવું કેટલાંક વર્ષ પહેલાં એનાં માતા અને પિતાનાં શબ મળ્યાં હતાં.

ભગવદ્‌મય દ્રષ્ટિ...



દ્રષ્ટિને ભગવદ્‌મય બનાવશો તો દ્રષ્ટિ જ્યાં જશે ત્યાં પરમાત્મા દેખાશે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, જી. પંચમહાલ



શંકરાચાર્યે શતશ્લોકીમાં કહ્યું છે કે લોકો ચામડીની મીમાંસા કરે છે પણ આ દેહ જેનાથી સુંદર દેખાય છે તે આત્માની કોઈ મીમાંસા કરતુ નથી. જગત બગડ્યું નથી પણ જગતમાં રહેતા મનુષ્યોની આંખ-મન અને બુદ્ધિ બગડ્યા છે. દ્રષ્ટિ સુધરે તો સૃષ્ટિ સુધરશે. શ્રીમદ ભાગવત જગતને જોવાની આંખ અને દ્રષ્ટિ આપે છે.

એક વખત જનકરાજાના દરબારમાં અષ્ટાવક્ર મુનિ પધાર્યા છે. તેમનાં આઠ અંગ વાંકાં જોઈ બધા હસવા લાગ્યા. અષ્ટાવક્ર પણ હસવા લાગ્યા.

જનકરાજાએ તેમને પૂછ્યું કે અમે બધા તો તમારૂં વાંકુ શરીર જોઈ હસીએ છીએ પણ તમે કેમ હસો છો? અષ્ટાવક્ર બોલ્યા કે મેં માન્યું હતું કે જનકરાજાના દરબારમાં બધા જ્ઞાનીઓ વિરાજે છે પરંતુ અહીં તો બધા ચમાર ભેગા થયા છે. આ તો ચમાર લોકોની સભા છે, તમે બધા શરીરનો વિચાર કરો છો. તમે બધા મારા આ શરીરને શું જુઓ છો? આ શરીરમાં શું સારૂં છે? તે મળમૂત્રથી ભરેલું છે. મારા શરીરમાં રહેલા આત્માને જુઓ. તમે આકૃતિ જોઈને હસો છો પણ મનુષ્યની કૃતિ જોવી જોઈએ. આકૃતિ પૂર્વજન્મના પ્રારબ્ધથી મળે છે. પરમાત્મા કૃતિને જુએ છે. મનુષ્ય આકૃતિને જુએ છે. આ અષ્ટાવક્ર મુનિએ જનકરાજાને જે ઉપદેશ કર્યો તે અષ્ટાવક્ર-ગીતા તરીકે પ્રખ્યાત છે.

એક મહાત્મા પાસે સોનાના ગણપતિ અને સોનાનો ઉંદર હતો, શરીર વૃધ્ધ થયું, મહાત્માએ વિચાર્યું કે મૂર્તિ માટે ચેલાઓ ઝગડો કરશે, તો લાવને મૂર્તિઓ વેચીને ભંડારો કરૂં, તેથી તે વેચવા લઇ ગયા. ગણપતિની મૂર્તિ દસ તોલાની થઇ પણ ઉંદરની મૂર્તિ અગિયાર તોલાની થઇ. સોનીએ કહ્યું કે ગણપતિના દશ હજાર અને ઉંદરના અગિયાર હજાર. મહાત્મા કહે છે કે ગણપતિ તો માલિકદેવ છે, તેના ઓછા કેમ આપે છે? સોની કહે છે કે હું તો સોનાની કિંમત આપું છું. માલિકદેવની નહિ, કિંમત સોનાની મળે છે આકારની નહિ. જ્ઞાની પુરૂષો આકારને જોતાં નથી, સૃષ્ટિને નિરાકાર ભાવે જુએ છે. આકારમાંથી વિકાર ઉત્પન્ન થાય છે. જેની આંખમાં પૈસો હોય તે જ્યાં જાય ત્યાં તે પૈસાને જ જોશે.

વર્તમાન સમયમાં સંત નિરંકારી મિશન માનવ મનનો દ્રષ્ટિકોણ વિશાળ બનાવી રહ્યું છે. બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને અંન્તર્મનના ભાવોને બદલાવી રહ્યું છે. મન બદલાય તો સ્વભાવ બદલાય છે, વિચાર બદલાય છે. વિચાર બદલાય તો જીવન જીવવાની રીત બદલાય છે. જીવનની દિશા યોગ્ય હોય તો પછી દશા આપોઆપ બદલાય છે. દરેક પ્રાણીમાત્રમાં એક પ્રભુ પરમાત્માનાં દર્શન થાય છે પછી તે બોલી ઉઠે છે કે “અવ્વલ અલ્લાહ નૂર ઉપાયા કુદરત દે સબ બંદે, એક નૂર તે સબ જગ ઉપજીયા, કૌન ભલે કૌન મન્દે..!!”

એક શેઠ કાશ્મીર ફરવા ગયા, ત્યાં તેમને પુષ્કળ ગુલાબના ફૂલ જોયાં. શેઠના મનમાં એવો ભાવ જાગ્યો નહિ કે ગુલાબમાં મારા ભગવાન શ્રીકૃષ્ણ વિરાજે છે પણ ગુલાબના ફૂલો જોયા પછી શેઠને થયું કે અહીં ગુલકંદની ફેકટરી ખોલી હોય તો વ્યાપાર સારો ચાલે.

દ્રષ્ટિને ભગવદમય બનાવશો તો દ્રષ્ટિ જ્યાં જશે ત્યાં પરમાત્મા દેખાશે. ગોપીની દ્રષ્ટિ પરમાત્મામાં જ હતી તે જ્યાં જાય ત્યાં લાલાજી જ દેખાય છે. ગૃહસ્થાશ્રમમાં ભક્તિ નહી પરંતુ સંસારની આસક્તિ બાધક છે. સંસારની કોઈ વસ્તુમાં સાચું સુખ નથી. સાચો આનંદ એક ભગવાન શ્રીકૃષ્ણમાં જ છે. સંસારમાં સાચુ સુખ છે એવું જ્યાં સુધી માનશો ત્યાં સુધી મન ભક્તિમાં લાગશે નહિ. સંસારના વિષયોમાં જો સાચું સુખ હોય તો બધું છોડીને મનુષ્યને નિંદ્રાની જરૂર શા માટે પડે? વિષયોનો છોડીને મનુષ્યને નિંદ્રાની ઈચ્છા થાય છે તે બતાવે છે કે વિષયોમાં સુખ નથી. જેમ અન્નની જરૂર રોજ પડે છે તેમ સત્સંગની જરૂર પણ રોજ પડે છે.

સ્વાસ્થ્ય
જાળવણી



ભોજનમાં **પાણી** અને **મીઠાઈ**નું સેવન ક્યારે કરવું જોઈએ...?

ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર



अजीर्णे भेषजं वारि, जीर्णे वारि बलप्रदम् ।।
भोजने चामृतं वारि, भोजनान्ते विषप्रदम् ।।

અપચો દરમિયાન પાણી પીવું દવા તરીકે કામ કરે છે. પાચન પછી પીવામાં આવતું પાણી શક્તિ આપે છે, અને ભોજન દરમિયાન પાણી અમૃત તરીકે કામ કરે છે, પરંતુ ભોજનના અંતે પાણી પીવું ઝેર જેટલું જ હાનિકારક છે.

ભોજન દરમિયાન અથવા શરૂઆતમાં મીઠાઈ ખાવી સારી છે.

કફની ત્વચા ધરાવતા લોકોએ મીઠાઈઓ ટાળવી જોઈએ અથવા તેનું સેવન ઓછું કરવું જોઈએ.

ગોળનો ઉપયોગ ફક્ત મીઠાઈ બનાવવા માટે જ કરવો જોઈએ, ખાંડ માટે નહીં.

સામાન્ય રીતે, હલવો, ખીર અને બરફી જેવી મીઠાઈઓનું સેવન કરવું જોઈએ.

શિયાળાની ઋતુમાં, તમે ગોળ-તલના લાડુ, તલ, મગફળી, લૌયા ગોળ પાગ વગેરેનું સેવન કરી શકો છો.

બોધ
કથા



પરીક્ષા
જીવનનું સાચું મૂલ્ય...



મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત

શહેરની એક શાળામાં અભ્યાસ કરતો વિવેક ખૂબ જ હોશિયાર વિદ્યાર્થી હતો. આખું વર્ષ તેણે મહેનત કરી હતી. પરીક્ષા નજીક આવી એટલે તે દિવસ-રાત અભ્યાસમાં લાગી ગયો. પણ જેટલો સમય પસાર થતો ગયો, એટલો જ તેને ભય વધતો ગયો - "જો હું ઓછા ગુણ લાવીશ તો?"

પરીક્ષાના એક દિવસ પહેલાં તે ખૂબ ગભરાયો. તેની માતાએ શાંતિથી કહ્યું,

"બેટા, પરીક્ષા ફક્ત કાગળ પરના પ્રશ્નોની નથી હોતી. પરીક્ષા તો મનની, ધીરજની અને આત્મવિશ્વાસની પણ હોય છે."

આ શબ્દો વિવેકના મનમાં ગુંજતા રહ્યા. બીજા દિવસે જ્યારે તે પરીક્ષા હોલમાં બેઠો, ત્યારે તેણે પહેલાં બે મિનિટ આંખો બંધ કરી શાંતિથી શ્વાસ લીધો. પ્રશ્નપત્ર જોયું તો કેટલાક પ્રશ્નો મુશ્કેલ લાગ્યા, પણ તેણે ગભરાટને દૂર રાખ્યો. સરળ પ્રશ્નોથી શરૂઆત કરી, ધીમે-ધીમે આત્મવિશ્વાસ વધ્યો.

પરિણામ જાહેર થયું. વિવેકને સારા ગુણ મળ્યા, પણ તે દિવસે તેને એક મોટો પાઠ શીખવા મળ્યો - પરીક્ષા આપણું જ્ઞાન જ નહીં, આપણું મનોબળ પણ માપે છે.

જીવનમાં પરીક્ષાનો અર્થ :

પરીક્ષા શબ્દ સાંભળતા જ વિદ્યાર્થીઓને તણાવ અનુભવાય છે. પરંતુ જો આપણે ઊંડાણથી વિચારીએ તો સમજાય છે કે પરીક્ષા એ જીવનનો અભિન્ન ભાગ છે.

શાળાની પરીક્ષા જ્ઞાનની કસોટી છે. સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષમતા અને તૈયારીની કસોટી છે. અને જીવનની પરીક્ષા આપણા સંસ્કાર, સહનશીલતા અને સચ્ચાઈની કસોટી છે.

જેમ સોનું આગમાં તપે ત્યારે વધુ ચમકે છે, તેમ માણસ મુશ્કેલીઓમાં ઘડાય છે. પરીક્ષા આપણને મજબૂત બનાવે છે, આપણું ધ્યાન કેન્દ્રિત રાખે છે અને સફળતાની દિશામાં આગળ ધપાવે છે.

સંદેશ :

પરીક્ષા ડરવાનો વિષય નથી, તૈયાર થવાનો અવસર છે.

નિષ્ફળતા અંત નથી, પરંતુ આગળ વધવા માટેનું માર્ગદર્શન છે.

આત્મવિશ્વાસ, નિયમિત મહેનત અને સકારાત્મક વિચાર - આ ત્રણેય સાથે હોય તો દરેક પરીક્ષા સરળ બની જાય છે.

જીવનમાં મળતી
દરેક **પરીક્ષા** આપણને
નવી **ઊંચાઈ** સુધી
પહોંચાડવા માટે આવે છે.

હાસ્ય

કણિકાઓ

દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત



- ગઝબ ટેક્નોલોજી આવી ગઈ છે.

  મેં એક મિત્રને ફોન કર્યો, તો કોલર ટ્યુન વાગી: **"જે વ્યક્તિનો તમે સંપર્ક કરવા ઈચ્છો છો તે હાલ માવો ખાય છે. કૃપયા થૂંકે એટલી વાર સુધી રાહ જુઓ."**

. . .

- ચાંદી ના ભાવ આસમાને પહોંચતા કાજુ કતલી ઉપર ચાંદીનું વરખ ચડાવવાનું બંધ કર્યું છે. તો.. હવેથી એનું નામ કાજુ ટકલી રાખવામાં આવે છે.

. . .

- ડોક્ટર: બોલ ભૂરા, હવે કેમ છે?

  ભૂરો: હા, સારું છે.

  ડોક્ટર: દારૂ બંધ કરી દીધો ને?

  ભૂરો: સાવ બંધ હો.

  ડોક્ટર: સરસ.

  ભૂરો: હવે કોક બહુ રિક્વેસ્ટ કરે તો જ.

  ડોક્ટર: ઈનો વાંધો નહીં. આ કોણ છે તમારી સાથે?

  ભૂરો: ઈ માણસ રાખ્યો છે રિક્વેસ્ટ કરવા.

. . .

- ભારતમાં ૫૦% થી પણ વધુ અબજોપતિ ગુજરાતી મૂળ ના છે.

  એ તો સારું છે કે બપોરે જમી ને ૨ કલાક સૂઈ જાય છે, બાકી ૮૦% હોત.

. . .

- હવે તો આવા શ્રાપ દેવાશે.

  નેટ વગર તારો આખો દિવસ જાય.

  તારું ચાર્જર ભાંગે.

  તારું હર્યું ભર્યું બેલેન્સ ખાલી થઈ જાય.

  તારા સગલા નો ફોન આવે ત્યારેજ બેટરિ લો થઈ જાય.

  તારા મોબાઈલ માં વાઇરસ આવે.

  તારા બૈરાં ને તારા મોબાઈલ નું પેટર્ન લોક ખબર પડી જાય.

. . .

- સાલું whatsapp નું પણ ખરું એડિક્શન થઈ ગયું છે.

  ૧૦૦ - ૨૦૦ મેસેજ ડિલીટ કર્યા વગર સુવા જાવ તો,

  એઠાં વાસણ ચોકડી માં પડી રહ્યા હોય એવી ફિલિંગ આવે.

. . .

હેલ્થ
ટીપ્સ



કોલેરા :
આગમચેતી એજ શ્રેષ્ઠ સારવાર...

ડૉ. સાગર આર. ગોસાઈ
જામનગર



ચોમાસાની ઋતુ હોય કે ઉનાળાનો પ્રારંભ, પાણીજન્ય રોગોનો ખતરો હંમેશા તોળાતો હોય છે. આ રોગોમાં સૌથી ભયજનક અને ઝડપથી ફેલાતો રોગ એટલે 'કોલેરા'. ભૂતકાળમાં મહામારીનું સ્વરૂપ ધારણ કરનાર આ રોગ આજે પણ અસ્વચ્છતા અને દૂષિત પાણીને કારણે ગંભીર પડકાર બને છે. જો સમયસર કાળજી ન રાખવામાં આવે, તો આ બીમારી ગણતરીના કલાકોમાં જીવલેણ સાબિત થઈ શકે છે.

કોલેરા શું છે અને કેવી રીતે ફેલાય છે?

કોલેરા એ 'વિબ્રિયો કોલેરી' નામના બેક્ટેરિયાથી થતો આંતરડાનો ચેપી રોગ છે. તે મુખ્યત્વે દૂષિત પાણી અને દૂષિત ખોરાક દ્વારા ફેલાય છે. જ્યારે ગટરનું પાણી પીવાના પાણીની પાઈપલાઈનમાં ભળે છે અથવા માખીઓ ગંદકી પર બેસીને ખુલ્લા ખોરાકને દૂષિત કરે છે, ત્યારે કોલેરા ફેલાવાની શક્યતા વધી જાય છે.

લક્ષણોને ઓળખો:

આ રોગના લક્ષણો અચાનક દેખાય છે:

ખૂબ જ પાતળા અને સફેદ રંગના ઝાડા થવા.

સતત ઊલટી: ખોરાક કે પાણી ટકતું નથી.

શરીરમાંથી પાણી અને ક્ષાર ઓછું થવાને લીધે આંખો ઊંડી ઉતરી જવી, જીભ સુકાવી અને ચામડી ઢીલી પડી જવી.

સ્નાયુઓમાં ગોટલા ચડવા: પોટેશિયમ અને સોડિયમની ઉણપથી પગના સ્નાયુઓમાં અસહ્ય દુખાવો થવો.

બચાવના સુવર્ણ નિયમો:

મેગેઝિનના વાચકો માટે આ પાંચ બાબતો યાદ રાખવી અનિવાર્ય છે:

પાણી શુદ્ધિકરણ: પાણી ઉકાળીને અથવા ક્લોરીનની ગોળી નાખીને જ પીવું.

તાજો ખોરાક: હંમેશા ઢાંકેલો અને ગરમ ખોરાક ખાવો. વાસી કે ખુલ્લા લારી-ગલ્લાના ખોરાકથી દૂર રહેવું.

વ્યક્તિગત સ્વચ્છતા: જમતા પહેલા અને શૌચક્રિયા બાદ સાબુથી ૨૦ સેકન્ડ સુધી હાથ બરાબર ધોવા.

ફળો અને શાકભાજી: બજારમાંથી લાવેલા શાકભાજીને શુદ્ધ પાણીથી ધોઈને જ ઉપયોગમાં લેવા.


ઓ.આર.એસ (ORS): ઝાડા શરૂ થાય કે તરત જ ઘરે બનાવેલું લીંબુ-ખાંડ-મીઠાનું દ્રાવણ અથવા WHO માન્ય ORS લેવાનું શરૂ કરી દેવું.

કોલેરાથી ડરવાની જરૂર નથી, પણ સાવધ રહેવું ખૂબ જરૂરી છે. આપણી આસપાસની સ્વચ્છતા અને ખાવા-પીવાની શુદ્ધતા જ આપણું સૌથી મોટું રક્ષણ છે. જો કોઈને પણ લક્ષણો જણાય, તો વિલંબ કર્યા વગર નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

"**શુદ્ધ પાણી** અને **સ્વચ્છતાનો** જે રાખશે **ખ્યાલ,**
કોલેરા જેવી બીમારી ક્યારેય **નહીં કરે** તેને **બેહાલ.**
તંદુરસ્ત જીવન માટે **અગમચેતી** એ જ છે **સાચો રસ્તો.**"

ચિત્ર
સંદેશ

આધુનિકતા નહીં,
આ છે ડિજિટલ **ગુલામી.**



THIS IS NOT **MODERNITY**,
THIS IS DIGITAL **SLAVERY.**

ધન્યવાદ

આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **માર્ચ–૨૦૨૬**નો **૪૪મો** અંક આપની સમક્ષ રજૂ કરીએ છીએ. આ સાથે આપણું "દશનામ સરક્યુલર" ઈ-મેગેઝીન સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. અમારા આ સેવાયજ્ઞમાં આપના સહકાર બદલ આપ સર્વે જ્ઞાતિબંધુઓ, વાચક મિત્રો, લેખક બંધુઓ સર્વેનો દિલથી આભાર વ્યકત કરૂં છું...

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વેબસાઈટ, વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ–મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી **વેબસાઈટ, ફેસબુક, ટેલિગ્રામ ચેનલ, વોટ્સએપ ગ્રુપ, ગુગલ ડ્રાઈવ** તેમજ **ઈન્ટરનેટ આરકાઈવ** પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો. જેની લિંક આ અંકમાં આપેલી છે.

'દશનામ સરક્યુલર' ઈ–મેગેઝીનના અંકો સમાજના લાખો લોકો સુધી પહોંચે છે. દરેકના અભિપ્રાય, સૂચનો પણ મળે છે. આપનો ખૂબ ખૂબ ધન્યવાદ.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...

ૐ નમો નારાયણ...

- તંત્રીશ્રી લલિતપુરી આર. ગોસ્વામી

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

માસિક
ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

www.dashnamcircular.me VISIT

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive
ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

દ્વારા

પ્રકાશિત થયેલા **વિશેષાંકો**ની ઝલક...



www.dashnamcircular.me VISIT

શત્ શત્ નમન

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।

પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી



પૂજ્ય શ્રી રામપુરી બાપુનો સમસ્ત પરિવાર

રબારીકા - જામજોધપુર / સુરત.